# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તાઃ ૨૬/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

# સ્પાર્કલ–૨૦૦૯ ને ઉત્સાહ જનક પ્રતિસાદ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આયોજીત જેમ અને જવેલરી પ્રદર્શન સ્પાર્કલ–૨૦૦૯ માં પ્રથમ દિવસે ગુજરાત રાજયના માનનીય પંચાયત, રૂરલ હાઉસિંગ મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ તથા પ્રવાસન અને આરોગ્યમંત્રી શ્રી જયનારાયણભાઈ વ્યાસે મુલાકાત લઈ તમામ સ્ટોલ્સમાં પ્રદર્શિત વિવિધ જવેલરી નિહાળી હતી તથા સ્ટોલ ધારકો સાથે વાતચીત કરી હતી.

આજથી ખુલ્લા મુકાયેલા પ્રદર્શનથી સુરતના ડાયમંડ ક્ષેત્રમાંથી જવેલરી ક્ષેત્રમાં પ્રવેશ કરનારા ઉદ્યોગકારોને મોટો લાભ થશે. આ ક્ષેત્રમાં અવનવી ડીઝાઈન સાથે વિવિધ બ્રાન્ડસ બજારમાં પ્રવેશી રહી છે ત્યારે સ્પાર્કલ–૨૦૦૯ જવેલરી ક્ષેત્રના ડીઝાઈનર્સ, ઉદ્યોગકારો અને ટ્રેડર્સ માટે મહત્વપુર્ણ મંચ પુરવાર થઈ રહયું છે. પ્રથમ દિવસે ડાયમંડ નેકલેસમાં ' ફિશ' સ્પાર્કલનું આકર્ષણ બન્યુ હતુ અને બીજા દિવસે ડ્રેગન ડીઝાઈન નેકલેસ આકર્ષણનું કેન્દ્ર બનશે.

પંડીત દિન દયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે યોજાયલા જવેલરી પ્રદર્શનમાં ભાગ લેનારા ૪૧ સ્ટોલ્સમાં આજે દિવસભર મુલાકાતીઓનો પ્રવાહ જોવા મળ્યો હતો એ જોતા પ્રદર્શન ખુલ્લુ મુકાયાના પ્રથમ દિવસે ઉત્સાહ જનક પ્રતિસાદ સાંપડી રહયો છે.